For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ડુમસરોડની લા મેરિડિયન સહિત શહેરની 7 હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**રાજકોટ** બાદ સુરતની 7 હોટલને ટોર નામના સોફ્ટવેરથી ધમકીભર્યો ઇમેઇલ મળ્યો

**જયપુર** કોલેજના નામથી ધમકી આપી 55,000 ડોલર મંગાયા

### સુરત શહેરમાં હાઈ એલર્ટ જાહેર

ધમકીના પગલે શહેરમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યો છે. પોલીસ કમિશનરે હોટલ માલિકોને સાવચેતી રાખવા અને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક જાણ કરવા સૂચના આપી છે.

સુરતઃ સુરતના ડુમસ રોડ ઉપર આવેલી લા મેરિડિયન હોટલને ઈમેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ હોટલમાં અવારનવાર ક્રિકેટરો અને સેલિબ્રિટીઓ રોકાતા હોવાથી ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. સાવચેતીના ભાગરૂપે પોલીસે હોટલ ખાલી કરાવી દીધી હતી. શહેરની અન્ય હોટેલમાં પણ આ પ્રકારની ધમકી આપવા માટે ટોર નામના સોફ્ટવેરથી ધમકી આપવામાં આવી હતી. જો કે અહીંથી કશું શંકાસ્પદ મળી આવ્યું નથી. રાજકોટની હોટલોમાં પણ આ પ્રકારની ધમકી મળી ચૂકી હતી. જયપુર કોલેજના નામથી ધમકી આપી 55,000 ડોલર મંગાયા હતા.

જ્યારે ધમકીની જાણ પોલીસને થઈ, ત્યારે ડુમસ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ નિરોધક દળની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. હાલ હોટલના અંદરના અને બહારના વિસ્તારની

અનુસંધાન પાના ૭ પર

### આ હોટલોને ધમકી આપવામાં આવી

(1) કાસા રીવા હજીરારોડ
(2) લોર્ડ્સ પ્લાઝા રિંગ રોડ
(3) રામી હોટેલ પાલ
(4) હોટલ જ્યોતિ સ્ટેશન રોડ
(5) હોટલ ઓરેન્જ, સ્ટેશન રોડ
(6) હોટલ બેંગકોન્સ, સ્ટેશન રોડ
(7) હોટલ ઓસ્ટ્રિયા, સ્ટેશન રોડ

## ગોવા-વડોદરા ફલાઇટમાં બોમ્બના કોલ વચ્ચે ફલાઇટ સુરત એરપોર્ટ લેન્ડ કરાઈ

**ગોવા**-વડોદરા ફ્લાઇટ સુરત એરપોર્ટ લેન્ડિંગ થયા પછી રનવે ,એરક્રાફ્ટ અને પેસેન્જર લગેજની તપાસ કરવામાં આવી

સુરતઃ ગોવાથી વડોદરા જઈ રહેલી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં બોમ્બ મુકાયો હોવાની મળેલી ધમકીને પગલે

અનુસંધાન પાના ૭ પર

### બોમ્બ મુકાયાના ધમકીભર્યા મેઇલને લીધે 4 ફ્લાઇટ મોડી પડી

દેશભરના મહત્વના એરપોર્ટ પર ઈમેલ પર ધમકીભર્યા મેઇલ આવતા દિલ્હી સહિતના મહત્વના એરપોર્ટ ફ્લાઇટ વિલંબથી ટેક ઓફ થઈ હતી.દિલ્હીથી સુરત આવતી અને સુરતથી બેંગલુરુ તથા હૈદરાબાદ જતી ફ્લાઇટ મોડી પડી હતી.એર ઇન્ડિયા એક્સપ્રેસ ની દુબઈ - સુરત ફ્લાઇટ કોઈ ટેકનિકલ કારણોસર દોઢ કાળકા મોડી દુબઇથી ટેક ઓફ થઈ હતી.

- **ઇન્ડિગોની દિલ્હી સુરત ફ્લાઇટ 1.40 કલાક મોડી પડી હતી.**
- **ઇન્ડિગોની સુરતથી બેંગલુરુ જતી ફ્લાઇટ 1.10 કલાક મોડી ટેકઓફ થઈ હતી.**
- **ઇન્ડિગોની દિલ્હી - સુરત ફ્લાઇટ 1.30 કલાક મોડી આવી હતી.**
- **એરઇન્ડિયા એક્સપ્રેસની સુરત - હૈદરાબાદ ફ્લાઇટ એક કલાક મોડી રવાના થઈ હતી.**
- **એર ઇન્ડિયા એક્સપ્રેસ ની દુબઈ - સુરત ફ્લાઇટ 1.30 કલાક મોડી સુરત આવી હતી.**



(તસવીર : હેમંત ડેરે)

અનુભવમાંથી રેલવે તંત્ર શીખ લેતું નથી અને ભોગવવાનું આવે છે પ્રજાએ

# માદરે વતન જવા ઓછી ટ્રેન, ઉધના-સુરત રેલવે સ્ટેશને ટોળાં ઉમટ્યાં, મુસાફરોમાં ભારે રોષ

**બે** ટ્રેનમાં પ્રવાસ કરવા 12 હજારથી વધુ લોકો ઉમટી પડતાં પોલીસ સ્ટાફ ઓછો પડ્યો, રેલવેનો અન્ય સ્ટાફ ક્રાઉડ મેનેજમેન્ટમાં દોડતો થયો

**યુપી**-બિહારના લાખો લોકો માટે રેલવે તંત્રને વધુ ટ્રેનોની વારંવારની રજૂઆતો છતાં દિવાળી આવતાં જ સ્થિતિ જૈસે થે, સુરત રેલવે સ્ટેશને પણ આવી જ સ્થિતિ

**બાંદ્રા** રેલવે સ્ટેશને ભાગદોડમાં 10 પ્રવાસીને ઈજા થતાં રેલવે સફાળું જાગ્યું

### ભીડ જોઈ રેલવેએ ઉધનાથી તાત્કાલિક એક વધારાની ટ્રેનની જાહેરાત કરી

ઉધના સ્ટેશન પર પ્રવાસીઓની ભારે ભીડને જોઈને રેલવેએ તાત્કાલિક વધારાની એક સ્પેશિયલ ટ્રેનની જાહેરાત કરી છે. આ ટ્રેનની જાહેરાત ઉધના રેલવે સ્ટેશન પર લાઉડ સ્પીકરથી કરવામાં આવી હતી, જેથી પ્રવાસીઓને રાહત રહે કે તેમને માટે વધુ એક ટ્રેન છે. આ ટ્રેન આજે રાત્રે 23.20 વાગે ઉધનાથી રવાના થઈને મંગળવારે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન સુરત, સાયણ, અંકલેશ્વર, વડોદરા, રતલામ, નાગદા, બીના, કાનપુર અને લખનૌ થઈને ગોરખપુર પહોંચશે.

### રેલવેએ ભીડમાં 6500 પાણીની બોટલો અને 2000થી વધુ ફૂડ પેકેટ્સ વહેંચ્યા

પશ્ચિમ રેલવેના સીપીઆરઓ વિનિત અભિષેકે જણાવ્યું હતું કે ઉધના સ્ટેશન પર આવેલા પ્રવાસીઓને 200 એમએલની પાણીની 6500 બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત 2000થી વધુ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરત હશે તો વધુ સુવિધા પ્રવાસીઓને આપવામાં આવશે.

સુરતઃ રેલવે અનુભવમાંથી પણ બોધપાઠ લેતી નથી એવું જણાઈ રહ્યું છે. ગતવર્ષે સુરત રેલવે સ્ટેશનમાં ભાગદોડમાં કચડાઈ જવાથી એક પ્રવાસીનું મોત નીપજ્યું હતું. ત્યારે આજે બાંદ્રામાં ભાગદોડ મચી જતા 10થી વધુ પ્રવાસીઓને ઇજા થઈ હતી. બીજી તરફ ઉધના સ્ટેશન પર પ્રવાસીઓની સંખ્યા એટલી હદે વધી ગઈ કે ભીડને કાબુ કરતા પોલીસના નાકે દમ આવી ગયો હતો. બે ટ્રેન માટે 12 હજારથી વધુ લોકો પહોંચી જતા પોલીસે હળવો બળ પ્રયોગ કરવો પડ્યો હતો. તેમજ સુરત રેલવે સ્ટેશન પર હજારો પ્રવાસીઓ આવી જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસ કર્મચારીઓ ઓછા પડતા રેલવેના કર્મચારીઓ પણ ક્રાઉડ મેનેજમેન્ટમાં લાગી ગયા હતા.

ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરીસા, પશ્ચિમ બંગાળના લાખો લોકો રોજગાર અર્થે સુરતમાં વસે છે. તેમને વતન જવા માટે ટ્રેન જ એકમાત્ર યોગ્ય સાધન છે. દિવાળીમાં પરપ્રાંતના લોકો તેમના વતન જતા હોય છે, પરંતુ તેમના માટે ગણતરીની ટ્રેનો છે. તેથી બે હજારની ક્ષમતા ધરાવતી ટ્રેનોમાં 5-5 હજાર મુસાફરો પ્રવાસ કરવાનો પ્રયાસ કરે છે. આમ ભીડ અચાનક વધી જવાથી ક્યારેક દુર્ઘટના પણ સર્જાતી હોય છે.

ગત વર્ષે સુરત રેલવે સ્ટેશન પર ભીડમાં કચડાઈ જવાના કારણે એક પ્રવાસીનું મોત નીપજ્યું હતું અને ચારેકને ઇજા થઈ હતી. આજે બાંદ્રામાં ભીડમાં લોકોએ ભાગદોડ કરતા 10થી વધુ પ્રવાસીઓને ઇજા થઈ હતી. તેમ છતા રેલવેના અધિકારીઓ કાંઈ બોધપાઠ લેતા હોય એવું જણાતું નથી. 2024ની

અનુસંધાન પાના ૭ પર

# સુરત મનપામાં હજુ બે જેટલા ઉચ્ચ અધિકારીઓ સામે ઘેરાયેલાં વાદળો

**અગાઉ** પણ ડે. કમિશનરો ભેરવાઈ ચૂક્યા છે ત્યારે કલમ ૪૫ના વધુ બે અધિકારી ભેરવાય તેવી સંભાવના

સુરત : સુરત મનપામાં આ વખતે દિવાળી કાળ કપરો હોય તેમ કડાકા-ભડાકા થઈ રહ્યાં છે. છેલ્લે ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના પ્રોજેકટમાં પ્રોસીજર લેપ્સ અને મનપાને કરોડો રૂપિયાના નુકસાનની સંભાવના પકડાયા બાદ મનપા કમિશનરે આ પ્રોજેક્ટ સંભાળતા ઇન્ચાર્જ એડીશનલ સિટી ઈજનેર કેતન દેસાઇ પાસેથી વજનદાર પ્રોજેક્ટનો હવાલો અને ઈન્ચાર્જ એડિશનલ સિટી ઈજનેરપદ પરત લઈ લેવાયા છે. આ પ્રકરણમાં એક સારી વાત એ પણ છે કે, આ વખતે મનપા કમિશનરે એક જ અધિકારીને મસમોટા પ્રોજેક્ટ સોંપવાનો સીલસીલો બંધ કરી અન્ય ચાર કાર્યપાલક ઈજનેરોને અલગ અલગ પ્રોજેક્ટનો હવાલો સોંપ્યો છે. જોકે હજુ પણ સુરત મનપામાં ઉચ્ચ અધિકારીઓ પર વાદળો ઘેરાયેલા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અગાઉ મનપા કમિશનરે ક્ષતિ પકડી પાડ્યા બાદ એક ડેપ્યુટી

અનુસંધાન પાના ૭ પર

# પાંડેસરામાં હનુમાન ચાલીસા સાંભળવા ગયેલી બાળકીનું અપહરણ કરી બળાત્કાર

**માતા** 3 મહિનાના બાળકને ઘરે મૂકવા ગઈ ને બાળકીનું આધેડ અપહરણ કરી ગયો

સુરતઃ પાંડેસરામાં લક્ષ્મીનગરમાં આવેલા રામજી મંદિરમાં ગઈ રાત્રે હનુમાન ચાલીસાનો પાઠ સાંભળવા ગયેલી બિહારી પરિવારની મહિલાનો પુત્ર રડતો હોવાથી ઘરે મૂકવા ગઈ હતી. તે દરમિયાન અજાણ્યો આધેડ તેની ત્રણ વર્ષની બાળાને લઈ ભાગી ગયો હતો.જે બનાવની જાણ થતા પાંડેસરા પોલીસ તથા ક્રાઈમ બ્રાંચ સહિતનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભારે જહેમત બાદ ગણતરીનાં સમયમાં આધેડને બાળકી સાથે પકડી પાડયો હતો.બાદમાં આધેડની વધુ પૂછપરછ કરતાં તેણે બાળકીના ગુપ્તાંગમાં અડપલા કર્યા હોવાનું જણાવ્યું હતું.પોલીસે આધેડ વિરૂદ્ધ બળાત્કાર અને અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

પાંડેસરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ જૂના બમરોલી વિસ્તારમાં રહેતા બિહારી પરિવારની પરિણીતા ગઈ રાત્રે 8 માસનાં પુત્ર અને 3 વર્ષની પુત્રી સાથે લક્ષ્મીનગર ખાતે આવેલાં રામજી મંદિરમાં હનુમાન ચાલીસાનો પાઠ સાંભળવા ગઈ હતી. દરમિયાન પુત્ર ખૂબ રડતો હોવાથી તેને ઘરે મુકી પરત થઈ હતી. પુત્રીની એકલતાનો લાભ લઈ એક આધેડ તેને ઉપાડી લઈ ગયો હતો. બાદ તેના ઘરે લઈ જઈ આધેડે કિશોરીનાનાં ગુપ્તાંગમાં અડપલાં કર્યા હતા. બીજી તરફ માતા દ્વારા મંદિરનાં પુજારીને પુત્રી વિશે પુછતાં તેમનાં પતિ લઈ ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી પતિ નો સંપર્ક કરતા તેમણે

અનુસંધાન પાના ૭ પર



સાતમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ
રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી, દિલ હજુ માનવા તૈયાર નથી કે તમે અમારા વચ્ચે નથી. તમારી અણધારી વિદાય સૌનું કાળજુ કંપાવી ગઈ. જેમનું નામ સતત ગુંજ્યા કરે અને ફુલ બની આસપાસ મહેક્યા કરે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્યા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. ભાનુબેન બાલુભાઈ પટેલ
સ્વ. તા. ૨૮/૧૦/૨૦૧૭
પટેલ ફળિયું, ભીમરાડ ગામ, સુરત.
લિ. બાલુભાઈ કેશવભાઈ પટેલ
ધર્મેશભાઈ બાલુભાઈ પટેલ રજનીકાંત બાલુભાઈ પટેલ
મનિષાબેન ધર્મેશભાઈ પટેલ બિંદિયાબેન રજનીકાંત પટેલ
રિયા, અદિતિ, વિધા, ધ્યાન તેમજ સમસ્ત પટેલ પરિવાર

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
બધી A/c રૂમ્સ
સ્વિમિંગ પલ અને ગાર્ડન સાથે
ગુજરાતી થાળી અને ઈન્ડિયન, ચાઈનીઝ રેસ્ટોરન્ટ
Ph. 9769894565/8104294880
www.hotelrajesh.com

ઘર સજાવટની તમામ વેરાઈટીઝ
સ્ટાન્ડર્ડ ક્વોલીટી સ્ટાન્ડર્ડ ભાવે મેળવવા
happy diwali Celebration
- ચાદરસેટ-સીંગલ/ડબલ/કિંગ સાઈઝ
- દોહર / રેપ્યર સેટ (Home Tex)
- સોલાપુરી ચારસા(ચાટલા-ગૂંડેલી)
- જયપુરી કચ્છી ચાદરજોટા
- ધોતીજોટા (પરમસુખ-બ્રેસલેટ-સચ્ચાહીરા)
- રેકોન પીલો (Reliance)
- લકઝરી મીંક બ્લેન્કેટ
- પેન્ટપીસ + શર્ટપીસ જોડી (Combo પેકીંગ) Raymond - Mafatlal
- બાથમેટ-ડોરમેટ
- ટુવાલ-નેપકીન-ટુવાલ સેટ
- સોફાકવરસેટ
કોર્પોરેટ ઓફિસ/ડાઈંગ હાઉસ કારખાના/સહકારી મંડળીઓએ સ્ટાફ તથા સભાસદોને ગીફ્ટ આપવા માટે ક્વોન્ટીટી ખરીદી માટે
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
"પ્રેમકુંજ", નવાપુરા ઘાંચી શેરી, ટાવર સામે, સુરત. ફોનઃ 2425102, 2432087

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. દિનેશચંદ્ર મણીલાલ મહેતા
સ્વ.તા.: ૨૮-૧૦-૨૦૨૩
નિવૃત પ્રોફેસર કે.પી.કોમર્સ કોલેજ અને હોમીયોપેથ નિષ્ણાંત
સ્નેહના સાગર, હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઉર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના, પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
શોકાતુર
ગં.સ્વ. નીલાબેન દિનેશચંદ્ર મહેતા (પત્ની)
હિરેન મહેશભાઈ વલેરા (માનસપુત્ર) — અ.સૌ. અંકિતા હિરેન વલેરા (પુત્રવધુ)
વિરજકુમાર નિમેશભાઈ ચુડગર (જમાઈ) — અ.સૌ. હેતા વિરજ ચુડગર (માનસપુત્રી)
સ્વ. પ્રવિણભાઈ મણીલાલ મહેતા (ભાઈ) — ગં.સ્વ. મીનાક્ષીબેન પ્રવિણભાઈ મહેતા (ભાભી)
મહેશભાઈ મણીલાલ મહેતા (ભાઈ) — અ.સૌ. મનોરમાબેન મહેશભાઈ મહેતા (ભાભી)
વિનોદભાઈ મણીલાલ મહેતા (ભાઈ) — અ.સૌ. પ્રફુલ્લાબેન વિનોદભાઈ મહેતા (ભાભી)
રાજેન્દ્રભાઈ મણીલાલ મહેતા (ભાઈ) — અ.સૌ. શ્યામાબેન રાજેન્દ્રભાઈ મહેતા (ભાભી)
નિરંજનભાઈ મણીલાલ મહેતા (ભાઈ) — અ.સૌ. ભારતીબેન નિરંજનભાઈ મહેતા (ભાભી)
સ્વ. ઘનશ્યામલાલ જે. કાપડીયા (બનેવી) — સ્વ. મુદ્રિકાબેન ઘનશ્યામલાલ કાપડીયા (બેન)
તથા સમસ્ત મહેતા અને વલેરા પરિવાર

બારમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ

આપના ઉત્તમકાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે.
સ્વ. કરશનભાઈ મગનભાઈ પ્રજાપતિ (સરગમ બિલ્ડર્સ)
જન્મ તા. ૧/૬/૧૯૫૨
સ્વ. તા. ૨૮/૧૦/૨૦૧૨
લિ.
તેજશ આર. જરીવાલા
રાજીવ જે. ચૌહાણ (રાજુ)
કેતન એમ. દેસાઈ
ધર્મેશ વી. પારેખ
રુદ્રમ ટી. જરીવાલા

બારમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી,
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી,
પરિવાર માટે ફુલોની જાજમ પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.
સ્વ.કરશનભાઈ મગનભાઈ પ્રજાપતિ (સરગમ બિલ્ડર્સ)
જન્મ તા.૦૧/૦૬/૧૯૫૨
સ્વ.તા.૨૮/૧૦/૨૦૧૨
લિ. સરગમ બિલ્ડર્સ પરિવાર સુરત

સુરતી મોઢ વણિક અવસાન

અશોકકુમાર જયંતિલાલ ખાટીવાળા
સ્વ. તા. ૨૭/૧૦/૨૦૨૪
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/સ્વજન સ્વ. અશોકકુમાર જયંતિલાલ ખાટીવાળા (હૈદરાબાદવાળા)નું તા.૨૭/૧૦/૨૦૨૪ના રવિવારે આસો વદ એકાદશી ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતની અંતિમયાત્રા સોમવાર તા. ૨૮/૧૦/૨૦૨૪નાં રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળેથી નિકળી જહાંગીરપુરા કુરૂક્ષેત્ર મુકામે જશે.
સ્થળ : એ/૩ શાંતિકુંજ રેસીડેન્સી, ટોયેટા નાણાવટી શો રૂમની ગલીમાં, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
બેસણુ : સોમવાર તા. ૨૮/૧૦/૨૦૨૪ નાં રોજ સાંજે ૪ થી ૬ કલાકે સુરતી મોઢ વણિક વાડી, પાલ મુકામે રાખવામાં આવેલ છે.
શોકાતુર :
ગં.સ્વ. ભાવનાબેન અશોકકુમાર ખાટીવાળા
ડેનિયલ અશોકકુમાર ખાટીવાળા (પુત્ર) — નિશા ડેનિયલ ખાટીવાળા (પુત્રવધુ)
જગદીશભાઈ જયંતિલાલ ખાટીવાળા (ભાઈ) — આશાબેન જે. ખાટીવાળા (ભાભી)
રીચાબેન તેજસકુમાર ઠક્કર (પુત્રી) — તેજસકુમાર ઠક્કર (જમાઈ)
નિમેષભાઈ જે. ખાટીવાળા — લીનાબેન એન. ખાટીવાળા
હિરલભાઈ જે. ખાટીવાળા — નિકીતાબેન એચ.ખાટીવાળા
રાયન - કિયાન - આઈરા - પાર્થવી - હિર્તાથ
તથા
સમસ્ત ખાટીવાળા પરિવાર

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. રાજેશભાઈ (રાજુભાઈ) ગીજુભાઈ પટેલ
જન્મ તા. ૦૩/૦૧/૧૯૭૦
સ્વ. તા. ૨૧/૧૦/૨૦૨૪
આપની ટ્રસ્ટ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, કર્તવ્ય પરાયણતા, શુભનિષ્ઠા, પ્રમાણિકતા, વફાદારી, નિખાલસતા, સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થ સેવાને ટ્રસ્ટ કદી ભૂલી શકે તેમ નથી. આપના જવાથી ટ્રસ્ટએ એક બહુમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. આપની ખોટ ટ્રસ્ટને હંમેશને માટે રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ. શ્રી સિધ્ધિ વિનાયક સાંઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટી મંડળ, વેસુ, સુરત.